# સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી

- માતૃભાષા દિન નિમિત્તે

## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કર્ક**

**આજના ગ્રહોની કુંડળી**

| | | |
|---|---|---|
| ૬ | વક્રી -ગુરુ-રાહુ ૫ / ૪ - ચંદ્ર | ૩ / ૨ |
| ૭ | | ૧ |
| શનિ ૮ મંગળ / ૯ | ૧૦ બુધ - શુક્ર | ૧૧ કેતુ - સૂર્ય / ૧૨ |

**આજે ચાંડાલ યોગ છે.**

**મેષ** આઠમે શનિ મંગળની સામે દસમે બુધ શુક્ર હોઈ શનિ મંગળની ખરાબ અસરો નહિવત્ કરે છે. ચોથે સ્વગૃહી ચંદ્ર માત-પિતાનું સારું સુખ આપે. સંતાનના અભ્યાસ પ્રત્યે ધ્યાન આપવાનું રહેશે.

**વૃષભ** સાતમે શનિ મંગળ તમોને ખોટાં સાહસ કરવા પ્રેરે. ત્રીજે સ્વગૃહી ચંદ્ર ભાગ્યને દ્રષ્ટ કરતો હોઈ પ્રબળ ભાગ્ય યોગ કરે છે - વાણી ઉપર સંયમ રાખશો તો ભાગ્ય યોગનો ફાયદો મેળવી શકશો. ધ્યાન રાખશે.

**મિથુન** રાશિપતિ - બુધ શુક્ર સાથે યુતિમાં અને ચંદ્રથી દ્રષ્ટ હોી તમારા વાણીના પ્રભાવથી તમો ઘણા આર્થિક લાભો ઉભા કરી શકશો - પરાક્રમ ભુવન પ્રબળ થતું હોઈ તમારો મોટું પદગ્રહણ કરવાનો યોગ છે.

**કર્ક** રાશિમમાં સ્વગૃહી રાશિપતિ ચંદ્ર તેમજ સાતમા સ્થાનમાં બુધ - શુક્ર હોઈ તમારું કૌટુંબિક સુખ ચરમ સીમાએ પહોંચાડે. આઠમે સૂર્યને કારણે દાઝવાનો યોગ થાય છે માટે સાચવવું.

**સિંહ** રાશિપતિ સૂર્ય સાતમે હોઈ સપૂર્ણ દ્રષ્ટિ રાશિ ઉપર કરે છે માટે ઉત્તમ રૂપ આપે. બારમે ચંદ્ર સ્વગૃહી હોઈ ફેશનમાં ખોટા ખર્ચા કરાવે માટે ખર્ચાઓ પર કાબુ રાખવો.

**કન્યા** બારમે રાહુ ગુરુ સાથે છે તેથી ખરાબ રૂપ ઓછું આપે છે. પરંતુ શેર-સટ્ટા-જુગારની લઈથી દૂર રહેવું. નહીં તો ખોટના ખાડામાં વેરવાઈ જશો. બે છેડા ભેગા કરવા પણ મુશ્કેલ થશે. સાચવશો.

**તુલા** બીજે શનિ મંગળની તોફાની યુતિ આઠમે દ્રષ્ટિ કરે છે માટે તંદુરસ્તી જાળવવા માટે સાવચેત રહેશે. જો ધ્યાન નહીં રાખો તો વાયરસ ઈન્ફેકશન - તાવ - સળેખમ - શર્દી વિગેરે રોગોમાં સપડાશો.

**વૃશ્ચિક** રાશિપતિ મંગળ તમારી રાશિમાં આવવાથી તમોને નડતી શનિની ખરાબ અસરો હવે ધીરે ધીરે ઓછી થશે. તબિયત બગડેલી હશે તો આજથી સુધરવાની ચાલુ થશે. વ્યગ્રતા દૂર થશે. આનંદના સમાચાર મળશે.

**ધન** આઠમે ચંદ્ર - બારમે શનિ મંગળ - શેર - સટ્ટો - જુગાર જેવા સાહસોથી દૂર રહેવા જણાવે છે. જો સાહસ કરશો તો મોટા ખોટના ખાડામાં ઊતરી જશો. માટે ખોટા રોકાણો કરશો નહીં.

**મકર** સાતમે સ્વગૃહી ચંદ્ર તેમજ રાશિમાં બુધ - શુક્ર અને રાશિપતિ શનિથી દ્રષ્ટ હોઈ બધી જ બાજુથી આનંદને સુખના સમાચાર મળે તેવા યોગો છે. પત્નીથી લાભ અને કૌટુંબિક સુખ - મજા કરો.

**કુંભ** રાશિમાં સૂર્ય - બારમે શુક્ર - બુધ ન જોઈતા અર્થ વિનાના ખોટા ખર્ચા કરાવે - નુકસાન કરાવે - માનસિક દ્રઢતા જાળવશો તો ખોટા ખર્ચાથી બચશો - સાવધતા કેળવશો.

**મીન** બારમે સૂર્ય - કેતુની યુતિ તમોને વ્યર્થ ખર્ચાઓ કરવા પ્રેરશે અથવા એવા સંજોગો ઊભા કરશે જેથી ખોટના ખાડામાં નુકસાનીમાં ધકેલાઈ જાશો - રાશિપતિ રાહુ સાથે હોઈ ગુરુ દુષિત થયેલ છે જેથી સારું ફળ મળવાપાત્ર નથી.

## મુખ્યમંત્રી આજે બાળ લકવા નાબૂદી અભિયાનના બીજા રાઉન્ડનો શુભારંભ કરાવશે

ગાંધીનગર, તા. ૨૦

બાળ લકવા નાબૂદી માટે સમગ્ર દેશમાં ઘનિષ્ઠ અભિયાન ચાલી રહ્યું છે જે અન્વયે તા.૨૧ ફેબ્રુઆરી ૨૦૧૬થી બાળ લકવા નાબૂદી અભિયાનના બીજા રાઉન્ડનો શુભારંભ થશે. આ અભિયાનના અંતર્ગત ૦-૫ વર્ષના તમામ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવે છે. આરોગ્ય વિભાગની યાદીમાં જણાવ્યા અનુસાર તા.૨૧ ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ પલ્સ પોલિયો અભિયાનનો શુભારંભ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ગાંધીનગર ખાતેથી કરાવશે. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ અને રાજ્ય આરોગ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે. પલ્સ પોલિયો અભિયાન-૨૦૧૬માં અંદાજિત ૮૫ લાખથી વધુ બાળકોને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યુ છે જે માટે ૩૭,૩૨૪ બૂથ, ૭,૪૬૫ સુપરવિઝન ટીમ, ૭૪,૬૪૮ ટીમ અને ૧,૫૮,૮૬૧ આરોગ્ય કાર્યકરો કાર્યરત રહેશે. રાજ્યના વાડી વિસ્તાર અંતરિયાળ અને દરિયાઈ વગેરે માટે પણ ૨,૯૩૪ મોબાઈલ ટીમ અને એસ.ટી./રેલવે સ્ટેશન તેમજ એરપોર્ટ જેવાં સ્થળોએ ૨,૪૪૯ ટ્રાન્ઝીટ ટીમો બનાવવામાં આવી છે.

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્ટરનેશનલ ટ્રાવેલ માર્ટ ૨૦૧૬નો આજે છેલ્લો દિવસ

### ૨૦૦થી વધુ પ્રદર્શન સ્ટોલ જાહેર જનતા માટે સવારે ૧૧ થી ૫ સુધી ખુલ્લા રહેશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતીઓ તેના પ્રવાસના શોખ માટે જાણીતા છે. એટલે જ ગુજરાતીઓને વિશ્વ પ્રવાસી કહેવાયા છે. દેશભરમાં અને વિદેશોમાં પ્રવાસ અંગેની અનેકવિધ માહિતી એક જ સ્થળેથી ઉપલબ્ધ થઈ શકે તેવી તક ટ્રાવેલ માર્ટ દ્વારા લોકોને મળી છે.

રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાઈ રહેલ ચોથી વાયબ્રન્ટ ગુજરાત ઈન્ટરનેશનલ ટ્રાવેલ માર્ટ ૨૦૧૬નો આજે છેલ્લો દિવસ છે.

મહાત્મા મંદિર ખાતે ૫૦ દેશો અને ૨૦ રાજ્યો દ્વારા પ્રવાસન પ્રવૃત્તિને વેગવાન બનાવવા ૨૦૦ થી વધુ પ્રદર્શન સ્ટોલ્સ ઉભા કરાયા છે તે આજે તા.૨૧ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ સવારના ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી જાહેર જનતા માટે આ પ્રદર્શન ખુલ્લું રહેશે જેનો જાહેર જનતાએ લાભ લેવા પ્રવાસન નિગમની યાદીમાં જણાવાયુ છે.

## સરકારી વિજ્ઞાન કોલેજની ક્રિકેટ, વોલીબોલ તથા કબડ્ડી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજ, ખેલ-કૂદ-યોગ-વ્યાયામધારા તેમજ કોલેજની જીમખાના સમિતિ દ્વારા રમતોત્સવ ૨૦૧૫-૨૦૧૬ અંતર્ગત ઈન્ટરકલાસ ક્રિકેટ, વોલીબોલ તેમજ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ક્રિકેટ ટુર્નામેન્ટમાં કુલ અગિયાર ટીમોએ ભાગ લીધો હતો જેમાંથી બીએસસી સેમ-૬, બીએસસી સેમ-૪ની ટીમો ફાઈનલમાં પ્રવેશ પામી હતી. જે પૈકી લાહ્ટા મૌલિકના નેતૃત્વ વાળી બીએસસી સેમ-૬ની ટીમ ચેમ્પિયન બની હતી. પટેલ દિક્ષિતને બેસ્ટ બેટસમેન અને પટેલ જૈમિનને બેસ્ટ બોલર ઓફ ધ ટુર્નામેન્ટ તેમજ ઝેન રવિને મેન ઓફ ધ સિરીઝ ઘોષિત કરવામાં આવ્યા હતા.

વોલીબોલ ટુર્નામેન્ટમાં કુલ છ ટીમોએ ભાગ લીધો હતો. જેમાંથી બીએસસી સેમ-૬ અને બીએસીસ સેમ-૪ની ટીમો ફાઈનલમાં પ્રવેશ પામી હતી. જે પૈકી પટેલ પ્રવિણના નેતૃત્વવાળી બીએસસીસેમ-૬ ચેમ્પિયન બની હતી. રાજપૂત દિલિપસિંહને બેસ્ટ વોલીબોલ પ્લેયર ઘોષિત કરવામાં આવ્યા હતા.

કબડ્ડી ટુર્નામેન્ટમાં કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો. જેમાંથી બીએસસી સેમ-૬ અને બીએસસી સેમ-૪ની ટીમો ફાઈનલમાં પ્રવેશ પામી હતી. જે પૈકી ચૌધરી જયના નેતૃત્વ વાળી બીએસસી સેમ-૪ની ટીમ ચેમ્પિયન બની હતી. પટેલ દિપેનને બેસ્ટ રેડર ઘોષિત કરવામાં આવ્યા હતા.

ત્રણે ટુર્નામેન્ટમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને તેમજ વિજેતા ટીમોને કોલેજની જીમખાના સમિતિ તેમજ આચાર્ય ડૉ. પી.એ. વાઢેર એ અભિનંદન પાઠવ્યા હતા.

## ગેરહાજર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમિતિની બેઠકમાં ધારાસભ્ય કક્ષાએથી પણ રજુઆત કરવામાં આવે છે. આ મહત્વની બેઠકમાં વિવિધ વિભાગના વર્ગ-૧ ના અધિકારીઓ હાજર રહેવાનુ હોય છે. આ દરમિયાન વિભાગો સાથે સંકળાયેલા પ્રશ્નો બાબતે પણ જિલ્લા કલેકટર દ્વારા જરૂરી સુચનાઓ આપવામાં આવતી હોય છે.

જિલ્લા સંકલન સમિતિની આજે બેઠક યોજવામાં આવી હતી. પરંતુ આ બેઠકમાં માર્ગ મકાન વિભાગના અધિકારીઓ હાજર ન રહેતા જિલ્લા કલેકટરે લાલ આંખ કરી હતી. તેમણે વિભાગના આ અધિકારીઓની ગેરહાજરીની ગંભીર નોંધ લીધી હતી. જિલ્લા કલેકટર રવિશંકરે સંકલનની બેઠકમાં ગેરહાજર રહેવા બદલ અધિકારીઓને કડક સુચના આપી બેઠકની કાર્યવાહી તેમજ હાજરીને અગ્રતા આપવા પણ સુચના આપી હતી.

**બેન્ક લાયક જગ્યા ભાડે આપવાની છે**

ઘ-૫, સેક્ટર-૧૬, કોમર્શીયલ એરીયામાં, આશરે ૭૦૦ ચો. ફૂટ જગ્યા બેન્ક માટે ભાડ આપવાની છે.

મો. : ૭૦૪૧૮૩૯૮૯૮

## રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

પૌરાણિક બુમરાણો વચ્ચે પણ નવી પેઢી વધુને વધુ ગુજરાતી ભાષાની નજીક જઈ રહી છે...ગુજરાતીને પોતાની સ્ટાઈલમાં અપનાવી રહી છે....વિકસાવી રહી છે !!!! આ નરી આંખે દેખાતું સત્ય છે અને એ પણ હકીકત છે કે આજની પાવર પેક અને નવી ટેકનોલોજીથી લેસ નવી પેઢી ગુજરાતી અને ગુજરાતી ભાષાને એ જ અનેરી ઊંચાઈ કે સોનેરી દિવસોમાં ચોક્કસ લઈ જશે જ....!! આ આશાવાદ નહિ પણ મારા જેવા અનેકો ગુજરાતીઓનો એટલ વિશ્વાસ છે....!!!

akurjt@gmail.com

વિસામો: ગમે એટલી ભાષા આવડતી હોય પણ કુતરું પાછળ પડે તો ‘હડ...હડ’ તો ગુજરાતીમાં જ બોલવું પડે... ગમે એટલી ભાષા આવડતી હોય તો પણ ગાળ બોલવાની મજા તો માતૃભાષામાં જ આવે...!!

## મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

રહ્યું ને ? આવા અનેક પ્રશ્નો ચીનના ભોરિંગ અજગર જેવા આપણી સામે ઊભા છે.

સૌ પ્રથમ તો એ દરેક વિદ્યાર્થીઓ ઉપર દેશદ્રોહનો ગુહનો લાગું કરવો જોઈએ જેઓ અભિવ્યક્તિની સ્વતંત્રતાને નામે ભારતીય દંડ સંહિતાની ધારા ૧૨૪ એ મુજબ રાષ્ટ્રદ્રોહની શ્રેણીમાં આવે છે. અભિવ્યક્તિની સ્વતંત્રતાનો મતલબ એ નથી કે જે દેશનું અનાજ ખાઈએ છીએ. જે છાત્રવૃતિ લઈને જે દેશના શિક્ષણથી આપણા પરિવારને શિક્ષિત કરીએ છીએ. જ્યા રોજગારી લઈને આપણા પરિવારને સ્થિરતા આપીએ છીએ. સ્વતંત્ર રીતે આખા દેશમાં સુરક્ષિત હરી ફરી શકીએ છીએ. એ જ દેશની વિરુદ્ધમાં નારા લગાવવાના? જે થાળીમાં ખાઈએ છીએ એ જ થાળીમાં થૂંકવાનું? આવા તમામ વામપંથી છાત્રો, અધ્યાપકો, નેતાઓ કે ગુરુઓની તમામ પ્રકારની સરકારી સુવિધાઓ અને જરૂર પડે તો નાગરિકતા પણ શા માટે પરત ના લઈ લેવી? સર્વધર્મસમભાવ અને બિનસાંપ્રદાયિકતા આ દેશની સંસ્કારિતા છે. હિંદુ-મુસ્લિમ શીખ ઈસાઈ ભાઈ ભાઈ માત્ર હિંદુસ્તાનમાં જ બોલાય છે. અને માનવામાં પણ આવે છે. પડોશી દેશોમાં નથી બોલાતું કે નથી માનવામાં આવતું. એક બે સડેલી કેરી આખા ટોપલાની બીજી સારી કેરીઓને પણ બગાડે એમ આવા વામપંથી નેતાઓ, સંગઠનો આખા દેશને બગાડે છે એ પણ એક હકિકત છે. હે સર્જકો, સમાજ સેવીઓ, બુદ્ધિજીવીઓ... એવોર્ડ વિજેતા સંવેદનશીલ સર્જકો... ક્યાં ગઈ તમારી સંવેદનશીલતા? કેમ હવે અકાદમીના એવોર્ડ પરત કરવાનું મન નથી થતું? કે પછી આવા દેશદ્રોહી તત્વોથી ડરો છો? દેશને બરબાદ કરવાની, દેશના ફરી એકવાર ભાગલા કરવાની વાત શું તમારા હદયને હચમચાવતી નથી?

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ઉચ્ચ વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં પ્રવેશની તકોનું નિર્માણ



## શિક્ષણ દ્વારા સશક્તિકરણ

- ગુજકેટ અને જેઈઈ માટે વિશેષ કોચીંગ વર્ગો : રાજ્યના આદિજાતિ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ગુજકેટ અને જેઈઈ પરીક્ષામા ઉંચુ પરીણામ હાંસલ કરી શકે તે માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪થી બધા જ આદિજાતિ જિલ્લાઓમાં ગુજકેટ અને જેઈઈની વિનામૂલ્યે તાલીમ આપવા વિશેષ કોચીંગ વર્ગો: વનબંધુ કલ્યાણ યોજના દ્વારા ઉચ્ચ શિક્ષણ પુરુ પાડવાના ગતિશીલ પ્રયાસ
- રાજ્યના તમામ આદિજાતિ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સુવિધા
- શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસ ઉપર ભાર :૨૪ એકલવ્ય મોડેલ રેસીડેંશીયલ સ્કુલ, ૪૩ ગર્લ્સ રેસીડેંશીયલ સ્કુલ, ૧૨ મોડેલ સ્કુલ અને ૧ સૈનિક સ્કુલ
- ગોવિંદ ગુરુ યુનિવર્સીટી : આદિજાતિ વિદ્યાર્થીઓને તેમના જ વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ મળે અને ઉત્તમ કક્ષાના શૈક્ષણિક સંકુલો સ્થપાય તે માટે પંચમહાલ જિલ્લામાં ગોવિંદ ગુરુ યુનિવર્સીટીની સ્થાપના
- દૂધ સંજીવની યોજના: રાજ્યમાં ૨૮ આદિજાતિ તાલુકાઓની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોની તંદુરસ્તી જળવાય, અભ્યાસ સાતત્ય વધે અને શાળામાં હાજરીનું પ્રમાણ નિયમિત થાય તે હેતુસર વિદ્યાર્થી દીઠ ૨૦૦ એમ.એલ. ફોર્ટીફાઈડ ફલેવર્ડ દૂધ : ૭ લાખ વિદ્યાર્થીઓને રોજંદો દૂધનો લાભ
- ટેલેન્ટ પુલ યોજના: રાજ્યની પ્રાથમિક શાળાના આદિજાતિ ગરીબ કુટુંબના તેજસ્વી બાળકોને નામાંકીત પબ્લીક સ્કુલોમાં ઉચ્ચ અભ્યાસની તકોનું રાજ્ય સરકાર દ્વારા નિર્માણ
- ધોરણ-૯ માં અભ્યાસ કરતી આદિજાતિ કન્યાઓને શાળાએ જવામાં મુશ્કેલી ન પડે અને સતત અભ્યાસ જાળવી શકે તેવા ઉમદા હેતુથી વિદ્યા સાધના યોજના હેઠળ સાયકલ ભેટ : ચાલુ વર્ષે ૪૦,૫૦૦ જેટલી આદિજાતિ કન્યાઓને લાભ

**યોજનાકીય લાભો મેળવવા કરો સંપર્ક:**

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર

સબંધિત જિલ્લાની પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી અને મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસની કચેરી

“વનવાસી વિસ્તારો અને વનવાસી સમુદાયો સુધી વિકાસની નવતર આબોહવાનું નિર્માણ થયું છે, શિક્ષણ, રોજગારી, આર્થિક ઉન્નતિ અને સામાજિક ઉત્થાનની અનેકવિધ યોજનાઓ દ્વારા આદિવાસી સમુદાય વિકાસની મુખ્ય ધારામાં આવ્યો છે.’’ શ્રીમતી આનંદીબેન પટેલ, મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

માહિતી ૨૦૧૫-૧૬ (૪૯)

Visit http://www.gujaratinformation.net www.facebook.com/gujaratinformation.official www.twitter.com/infogujarat